સને ૨૦૦૨ ના ફેબ્રુઆરી, માર્ચ માસમાં થયેલ કોમી તોફાનોથી અસર પામેલા ઉદ્યોગો, દુકાનદારો સ્વરોજગારી મેળવતા લોકો, મોટા સ્ટોર્સ તથા વ્યાપારીક વાહનોને ખાસ મૂડી સહાય મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :- આરએલએસ-૧૦૨૦૦૨-૭૬૦-(૭)-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨૯-૬-૨૦૦૨

**વંચાણે લીધા :-**

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક :- આરએલએફ-૧૦-૨૦૦૨-૭૬૦-ચ તારીખ :- ૧૬-૩-૦૨
૨. ઉદ્યોગ અને ખાણ વિભાગનો પરિપત્ર ક્રમાંક :- આરએલએફ-૧૦૨૦૦૨-૭૬૦(૨)-ચ તારીખ :- ૨૨-૩-૦૨
૩. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક :- આરએલએફ-૧૦૨૦૦૨-૭૬૦(૫)-ચ તારીખ :- ૧૬-૫-૦૨
૪. ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીનો ક્રમાંક :- ઉક-ઓપુસેલ-હુલ્લડ-૬૮૪ તારીખ :- ૨૦-૫-૦૨

**ઠરાવ :-**

રાજ્યમાં ફેબ્રુઆરીથી મે ૨૦૦૨ ના કોમી તોફાનો થી અસર પામેલા ઉદ્યોગો, દુકાનદારો, સ્વરોજગારી મેળવતા એકમો, હોટલો, મોટા સ્ટોર્સ તથા વ્યાપારી વાહનો ને થયેલ નુકસાન પેટે સહાય આપવા માટે આ વિભાગના ક્રમાંક (૩) ની સામે દર્શાવેલ તારીખ :- ૧૬-૫-૦૨ ના ઠરાવથી ખાસ મૂડી સહાય યોજના જાહેર કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧) આ વિભાગના તા. ૧૬-૫-૦૨ ના ઠરાવ ક્રમાંક :- આરએલએફ-૧૦૨૦૦૨-૭૬૦(૫)-ચ થી બહાર પાડવામાં આવેલ ખાસ મૂડી સહાય યોજના મુજબ ૨૦ ટકા મુજબની કેન્દ્ર પુરસ્કૃત નાણાંમાંથી રોકડ સહાય મંજૂર કરવાની સત્તા હવે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રીને આપવામાં આવે છે.

૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રીના નિર્ણયથી અસંતોષ અનુભવતા અરજદાર 'ગ્રામ' હેઠળ અપીલ કરી શકશે તે માટે આ વિભાગના પરિપત્ર ક્રમાંક :- આરએલએફ-૧૦૨૦૦૨-૭૬૦(૨)-ચ તા. ૨૨-૩-૦૨ માં જણાવ્યા અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.ભટ્ટ)
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- માનનીય મંત્રીશ્રી(ઉ) ના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભાસ ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉ.ખા.વિ.) ના રહસ્ય સચિવશ્રી.
- અગ્ર સચિવશ્રી (મહેસુલ) ના રહસ્ય સચિવશ્રી.
- સચિવશ્રી (ઉ) ના રહસ્ય સચિવશ્રી.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- રાહત નિયામકશ્રી (મહેસુલ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર.
- ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, સુરત,વડોદરા,રાજકોટ, જામનગર, ભાવનગર.